# શહેર-જિલ્લામાં નવા ૨૮ કેસ

## વાત ગાંધીનગરની

કોરોનાના કહેર વચ્ચે શનિ-રવિની રજા પણ શુષ્ક લાગે છે. ઉકળાટ અને વરસાદના છાંટા વચ્ચે શનિવાર તો પસાર થયો પરંતુ રવિવારે મેઘરાજા મન મુકીને વરસે તેવી પાટનગરવાસીઓની પ્રાર્થના છે.

**લોકડાઉન ફરી આવશે એ અફવા છે**

કોરોનાના વધતા સંક્રમણને પગલે રાજ્યમાં ફરી લોકડાઉન આવી રહ્યુ છે એવા મેસેજ સોશિયલ મીડિયામાં છેલ્લા ૨૪ કલાકથી ફરતા હતા. મોડી સાંજે મુખ્ય સચિવે સત્તાવાર જાહેરાત કરી જણાવ્યુ હતુ કે રાજ્યમાં પુનઃ લોકડાઉન કે આંશિક લોકડાઉનની કોઈ વિચારણા નથી. આ માટે જિલ્લા કલેક્ટરો સાથે કોઈ વાતચીત કરી નથી. આ માત્ર અફવા છે એવુ સાબિત થતા લોકડાઉનની ચર્ચા પર પડદો પડી ગયો.

**શ્રાવણમાં ધાર્મિક મેળા નહીં યોજાય**

પલિયડના પાટોત્સવે વહીવટીતંત્રની આંખ ખોલી નાખી છે અને એક જ ઝાટકે આગામી શ્રાવણ મહિનામાં યોજાતા ધાર્મિક ઉત્સવો અને મેળાઓની મંજૂરી નહીં અપાય તેવી જાહેરાત કરી છે. મંદિરો અને આશ્રમો શ્રાવણમાં પણ સુના રહેશે.

**સંક્રમણના આંકડા વધે છે**

છેલ્લા ચાર દિવસથી શહેર અને જિલ્લામાં કોરોના સંક્રમણના આંકડા ચિંતાજનક સ્થિતિએ પહોંચી રહ્યા છે. ગઈકાલ સાંજ સુધી ૯૧૪ પોઝીટીવ કેસમાંથી ૫૬૫ ને રજા અપાઈ એનો અર્થ એમ થયો કે ૨૮૯ની સારવાર ચાલી રહી છે. હા..! રીકવરી રેટ ૬૨.૭૭ ટકા છે પરંતુ મૃત્યુદર દેશ અને રાજ્ય કરતાં ગાંધીનગરમાં વધુ છે. ગાંધીનગરનો મૃત્યુદર ૬.૬૬ ટકા છે જે ચિંતા ઉપજાવે તેવો છે. છેલ્લા ચાર દિવસમાં ૧૦૨ પોઝીટીવ દર્દીઓમાં વધારો થયો. આવનારૂ સપ્તાહ હજુ ગંભીર રહેશે.

**હોસ્પિટલો હાઉસફુલ**

શહેરની હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યામાં ઉછાળો આવતા હોસ્પિટલો હાઉસફુલ થઈ ગઈ છે. આશકા હોસ્પિટલમાં તો વેઈટીંગ લીસ્ટ પણ બનાવાયુ છે. જ્યારે સિવિલ હોસ્પિટલ અને ગોયન્કામાં પણ ૮૦ થી ૯૦ ટકા દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.

**વેપાર-ધંધામાં નજીવો સુધારો**

અનલોક-૨ ના દસ દિવસ બાદ શહેરની વેપાર-ધંધાનો તાગ મેળવતા એવુ જણાયુ કે નજીવો સુધારો થયો છે. પરંતુ ઉઘરાણીની સ્થિતિ હજી એમની એમ છે. પેટ્રોલપંપ પર હજુ પચાસ ટકા જ વપરાશ છે જ્યારે અનાજ કરીયાણા અને મેડિકલ સ્ટોર્સ સિવાયના વેપારમાં ૩૫ થી ૪૦ ટકા ગરાકી છે. જ્યારે હોટલ ઉદ્યોગ તો હજુ ઠેરનો ઠેર જ છે. માંડ ૧૫-૨૦ ટકાનો ધંધો ચાલે છે. હજુય એકાદ મહિનો આવું જ રહેશે એમ વેપારીઆલમ માને છે.

**કોર કમિટીની બેઠક**

છેલ્લા ચાર મહિનાથી નિયમિત મળતી હાઈપાવર કોર કમિટીની બેઠક મુખ્યમંત્રીના બંગલે સાંજે મળી હતી. રાજ્યમાં વધતા જતા કોરોના સંક્રમણને પગલે સંભવિત ઉપાયો સંદર્ભે વિસ્તૃત ચર્ચા કરાઈ હતી. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં વિસ્તરતું સંક્રમણ ચિંતાજનક હોવાનું સ્વીકારાયું હતું. આંશિક લોકડાઉન વિશે પણ નજીવી ચર્ચા-વિચારણા થઈ હતી.

**'અર્ક' આજનો**

'માનતા' રાખીને ડુંગર ચડી જનારા ક્યારેક 'માણસાઈ'નું એક પગથીયુ પણ ચડી નથી શકતા..!

## ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૭ કેસ

**ગાંધીનગર તાલુકામાં ૯, કલોલમાં ૫ અને માણસામાં ૩ કેસ : ૨૦ હજારથી વધુ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ રખાયા**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના વધુ ૧૭ દર્દી મળતાં તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે.

ગાંધીનગર ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધવા લાગી છે. આ જ ગતિ ચાલુ રહી તો જિલ્લામાં કેસોની સંખ્યા આ આંક ક્યાં જઈ અટકશે તેને લઈ તંત્ર ચિંતીત બન્યુ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં ૯, કલોલમાંથી ૫, માણસામાંથી ૩ કેસ આજે મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં કુડાસણમાંથી ૩, નવા કોબામાંથી ૧, ઝુંડાલમાંથી ૧, નાના ચિલોડામાં ૧, શેરથામાંથી એક, શિહોલી મોટીમાંથી ૧ અને ભોંયણ રાઠોડ ગામેથી એક કેસ મળી આવેલ છે.

કુડાસણમાંથી જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્ર ચિંતીત બન્યુ છે. કુડાસણ હવે ધીમી ગતિએ હોટસ્પોટ બનવા જઈ રહ્યું છે. અહિંયાથી ૧૨ કરતાં વધુ કેસો અત્યાર સુધીમાં નોંધાયા છે.

કુડાસણમાંથી આજે ૩ કેસ મળ્યા છે. જેમાં એક મહિલા દર્દીનો પણ સમાવેશ થાય છે. કુડાસણમાંથી એક ૬૫ વર્ષીય પુરૂષ, ૪૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત એક ૪૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે.

ઝુંડાલમાંથી એક ૨૯ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ યુવાન ઓ.એન.જી.સી.માં નોકરી કરતો હોવાનું જાણવા મળેલ છે.

શિહોલી મોટીમાંથી એક ૬૧ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ વૃદ્ધ જી.ઈ.બી.ની કચેરી નજીક પાર્લરનો વ્યવસાય કરતા હોવાનું જાણવા મળેલ છે. જેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

ભોંયણરાઠોડ ગામેથી એક ૪૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દી

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં વધુ ૧૧ કેસ નોંધાયા

**સંક્રમણના કેસો વધતા તંત્રની ચિંતા વધી : આજે મળેલા કેસોમાંથી ૩ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો : એક દર્દી ખાનગી હોસ્પિટલમાં તો ૭ દર્દી સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોના પોઝીટીવના ૧૧ દર્દીઓ મળી આવ્યા છે. આ સાથે કોરોનાના કેસોની સંખ્યા વધીને ૨૮૨ થઈ છે.

શહેરમાં હવે કોરોનાના કેસોની ગતિ વધી રહી છે એટલે તંત્રમાં દોડધામ પણ વધી જવા પામી છે. છેલ્લા ત્રણ દિવસથી ૮ થી ૧૧ જેટલા કેસો સતત મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા બેવડાઈ છે. માઈક્રો કન્ટેનમેન્ટ જોનની સંખ્યા પણ જે રીતે વધી રહી છે તેથી સરકાર પણ ચિંતીત બની હોવાનું સરકારના સૂત્રો કહી રહ્યા છે.

મળતા નિર્દેશો પ્રમાણે શહેરમાં કોરોનાની સ્થિતિને લઈ સરકાર દ્વારા ખાસ સમીક્ષા હાથ ધરવામાં આવે તેવી શક્યતાના સંકેતો મળી રહ્યા છે. મનપાની ક્ષમતા અને કેસોની સંખ્યાને લઈ આગામી દિવસોમાં સરકાર મહત્વના નિર્ણયો લઈ તે અંગે જાહેરાત કરે તેમ પણ બની શકે છે.

શહેરમાં આજે સે. ૭, સે. ૧૪, જી.ઈ.બી. કોલોની, સે. ૨૪, સે. ૨૨, સે. ૨૬, બોરીજ, સે. ૮, સે. ૨૧ અને સે. ૨૫ માંથી કેસો મળી આવ્યા છે. આજે મળેલા ૧૧ કેસમાં એક વૃદ્ધ દંપત્તિનો સમાવેશ થાય છે. આજના મળેલા કેસોમાં ૩ મહિલા દર્દી છે. શહેરમાં વધતા જતા કેસોમાં ૪૦ થી વધુ વય ધરાવતા દર્દીઓની સંખ્યાનું પ્રમાણ પણ વધુ જોવા મળ્યુ છે. આ મહિલા દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી તંત્રને લેખિત બાંહેધરી આપતાં તંત્રએ મંજૂરી આપી છે. પરિવારના બે સભ્યોને પણ તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સે. ૨૬ કિસાનનગરમાંથી વધુ એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી તંત્રને બાંહેધરી આપતાં તંત્રએ મંજૂરી આપી છે. આ ૪૩ વર્ષીય મહિલાના પતિ અગાઉ પોઝીટીવ આવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર




**ઉત્તર-મધ્ય ગુજરાતમાં**

## જુલાઈના ત્રીજા અને ચોથા સપ્તાહમાં વરસાદની સંભાવના

**સૌરાષ્ટ્રના વિસ્તારમાં ભારે વરસાદ હોવા છતાં હાલ ઉત્તર ગુજરાતમાં વરસાદ નથી : ટૂંકમાં સિસ્ટમ સક્રીય થશે : અંબાલાલ પટેલ**

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાતમાં આગામી તા. ૧૫ થી ૨૪ જુલાઈ દરમિયાન વરસાદ આવવાની શક્યતા છે. સૌરાષ્ટ્ર વિસ્તારમાં ભારે વરસાદ હોવા છતાં ઉત્તર અને મધ્ય ગુજરાતમાં સારા વરસાદના વાવડ નથી છતાં જુલાઈના ત્રીજા અને અંતિમ સપ્તાહમાં ઉત્તર-મધ્ય ગુજરાતના ભાગોમાં પણ વરસાદની સંભાવના છે. આ ઉપરાંત તા. ૩૦ જુલાઈથી ૮ ઓગષ્ટ દરમિયાન પછી કોઈ ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની સંભાવના છે.

જાણીતા હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલના જણાવ્યા મુજબ ગુજરાતના દરિયાકિનારાના ભાગોમાં ભારે વરસાદ થવામાં છે. હજુ પણ વરસાદથી વરાપ પણ થવામાં નથી ત્યાં પુનઃ વરસાદ થવાની શક્યતા સેવાઈ રહી છે. સૌરાષ્ટ્રના ઘણા ભાગોમાં સારો તથા ભારે વરસાદ હોવા છતાં ઉત્તર-મધ્ય ગુજરાતના ભાગોમાં

● અનુસંધાન પાન-૭ પર

## હાર્દિક પટેલ પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ પદે નિમાયા

ગાંધીનગર, તા.૧૧

પાટીદાર યુવા નેતા હાર્દિક પટેલને કોંગ્રેસ પક્ષમાં ખૂબ જ મોટી જવાબદારી સોંપવામાં આવી છે. કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખની આજ્ઞાથી પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ તરીકે હાર્દિક પટેલની નિયુક્તિ કરવામાં આવી છે.




કાર્યકારી અધ્યક્ષનો હોદ્દો ઉભો કરવામાં આવ્યો છે અને જે અમીત ચાવડા બાદ બીજા નેતૃત્વ હાર્દિક પટેલ સંભાળશે.

હાર્દિક પટેલે પ્રતિભાવો આપતા જણાવ્યું હતું કે, પક્ષે મારામાં મુકેલા ભરોસાને હું સાર્થક કરી બતાવીશ. ખેડૂતો, બેરોજગારો અને યુવાનોના પ્રશ્નો સરકાર સમક્ષ ઉઠાવીશ. કોંગ્રેસે હાર્દિક પટેલની નિયુક્તિ કરી એ સંદેશ આપવાનો કોશિષ કરી છે કે, કોંગ્રેસ હવે યુવાનોને પ્રાધાન્ય આપે છે અને આવનારા સમયમાં વધુ યુવાનો કોંગ્રેસ નેતૃત્ત્વમાં ભરોસો મૂકે એવા પ્રયત્નો કર્યા છે.

## અમદાવાદ-સુરતની ફાર્મા કંપની સહિત ૭ સામે ગુનો

**વેસુની મે. સાર્થક ફાર્મા અને અડાજણના મેસર્સ ન્યુ શાંતિ મેડિસીન, અમદાવાદના ચાર સહિત ૭ વિરુદ્ધ ગુનો દાખલ**

સુરત, તા. ૧૧

કોરોના દર્દીને સારવાર દરમિયાન ઓક્સિજનની કમી પડે ત્યારે એક ઈન્જેકશન આપવામાં આવતું હોય છે. જેની કાળાબજારી કરવામાં આવતી હોવાનું તંત્રના ધ્યાન પર આવતા આ મામલે તપાસ શરૂ કરી આ સમગ્ર કૌભાંડ બહાર લેવામાં આવ્યુ હતું. જોકે ટોસીલીઝુમાબ ઈન્જેકશનના મુદ્દે ચાલી રહેલા વિવાદ અંતર્ગત ફુડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા ઈન્જેકશનના કાળા બજાર થતા હોવાના કૌભાંડને ઝડપી પાડી વેસુની મે. સાર્થક ફાર્મા અને અડાજણના મે. ન્યુ શાંતિ મેડિસીન અને અમદાવાદના ચાર સહિત ૭ વિરુદ્ધ આવશ્યક ચીજવસ્તુ ધારા, ઔષધ અને સૌદર્ય પ્રસાધન તથા વિશ્વાસઘાતની ફરિયાદ સુરતના ઉમરા પોલીસ મથકે નોંધવામાં આવતા પોલીસે હવે આ મામલે ગુનો દાખલ કરી આરોપીને ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

કોરોનાની મહામારી વચ્ચે દર્દીને જરૂરી એવા ઈન્જેકશનની કાળા બજારી મોટા પ્રમાણ કરવામાં આવતી હોવાની વિગત તંત્ર અને સરકરને મળતા આ મામેલે સરકારનું ફુડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા દરોડા પાડીને સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ કૌભાંડના તાર સુરતથી લઈને એમદાવાદ સુધી ફેલાયા હોવાને કારણે ફુડ એન્ડ ડ્રગ વિભાગે બાતમીના આધારે ડુપ્લીકેટ ગ્રાહકને ડોકટરના પ્રિસ્ક્રીપ્શનના આધારે વેસુ સ્થિત મે. સાર્થક ફાર્મામાં કોરોના વાયરસ સંક્રમિત અને અત્યંત નાજુક હાલતમાં હોય તેવા દર્દીઓ માટે અત્યંત જરૂરી ટોસીલીઝુમાબ ઈન્જેકશન ખરીદવા મોકલ્યો હતો.

## રાજહઠ સામે પ્રજાહઠના જંગમાં પ્રજાના પ્રશ્નો ઉકેલાશે કે ગુંચવાશે ?

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર મહાનગર પાલિકામાં ૧૮ ગામ અને ૧ નગરપાલિકાને સરકારના નિર્ણયના વીસ દિવસ પછી પણ મનપાના તંત્ર દ્વારા આ ગ્રામ્ય વિસ્તારના પ્રશ્નો અને તેના ઉકેલ માટે જે રીતે આંખ મિચામણા કરવામાં આવી રહ્યા છે તેથી પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી છે. તંત્ર ઉભી થઈ મડાગાંઠ ખરેખર ઉકેલશે કે પછી તેને વધુ ગુંચવશે તેને લઈ અનેકવિધ પ્રશ્નો ઉભા થયા છે.

આ ગ્રામ્ય વિસ્તારમાં વર્તમાન સેવાઓ હાલ પુરતી ખોરવાઈ ના જાય તે માટે સરકાર દ્વારા પંચાયતના કર્મયોગીઓ સંકલનમાં રહી કામગીરી કરે તેવી વારંવાર સૂચનાઓ આપવામાં જાહેર સફાઈ નામે મીંડુ છે અને કચરો જાહેરમાં બાળવાની ઘટનાઓ જે રીતે બની રહી છે તે વાત સરકારથી અજાણ હોય તેવુ માનવુ પણ કદાચ અતિશયોક્તીભર્યુ લાગે.

આ ગામોમાં સેનીટાઈઝેશન હાલની મહામારીમાં થતુ નથી. આકારણી પત્રકોમાં કોઈ નોંધો થતી નથી. તલાટીઓને પૈસા ખર્ચવાની

**ગાંધીનગરની હદ વધારવાના નિર્ણયને લઈ રાજહઠ સામેની પ્રજાહઠના જંગમાં તંત્ર પ્રશ્નોના ઉકેલથી મડાગાંઠ ઉકેલશે કે ગુંચવશે ? : તલાટી મંડળે ૨૦ દિવસમાં બે વાર પત્રો લખ્યા ? : મનપાના કમિશનર શહેરમાં નથી ફરતા તે ગ્રામ્ય વિસ્તારમાં જઈ પ્રશ્નો ઉકેલશે ખરા ? ગ્રામીણ વિસ્તારમાં વેરા વસુલી સઘન કરવાની સૂચના એ પ્રજાના પૈસા લેવાની મનોવૃત્તિ બતાવે છે સેવાઓના નામે શૂન્યાવકાશ : પ્રજાજનો**

આ ગ્રામજનો ૧૫મા નાણાંપંચની ગ્રાન્ટના પ્રથમ હપ્તાની રકમ ગુમાવી છે. જો કે આ નાણાં અંગે પંચાયત વિભાગ દ્વારા અલગથી વિચારણા હાથ ધરવામાં આવી છે તેવી વાતો તંત્રમાંથી સાંભળવા મળી રહી છે.

ગાંધીનગર શહેરની હદ વધારવાને લઈ રાજહઠ સામે પ્રજાનો ઈન્કાર અને પ્રજાહક સામે આવી રહી છે પરંતુ મનપા દ્વારા વહીવટ સંભાળવાને લઈ હજુ સ્પષ્ટતાઓ નથી.

છેલ્લા ૨૦ દિવસમાં બે વખત તલાટી મંડળે પત્ર લખી કામગીરી કેવી રીતે કરવી તે અંગે માર્ગદર્શન જિલ્લાતંત્ર પાસે માગ્યાની વાતો હવે અજાણી રહી નથી.

ગાંધીનગર શહેરમાં પણ સત્તા નથી. ગ્રામીણસ્તરે પંચાયતોના જે કર્મચારીઓ છે તેમના પગારની સમસ્યા ઉભી થઈ છે. કચરા નિવારણ વ્યવસ્થાપન તંત્ર ઉભી કરવામાં પણ મનપાનું તંત્ર નિષ્ફળ નિવડ્યુ છે.

આ વિસ્તારમાં જે કામો મંજૂર થયા છે તે અંગે શું કરવુ તેને લઈ કોઈ વ્યવસ્થાઓ નથી.

● અનુસંધાન પાન-૭ પર

## સેકટરોમાં બમ્પ પર થર્મોપ્લાસ્ટના પટ્ટાના અભાવે માર્ગ સલામતી જોખમાઈ

ગાંધીનગર તા ૧૧

શહેરમાં માર્ગ સુધારણા પાછળ વર્ષ દરમિયાન તોતિંગ ખર્ચ કરવામાં આવે છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પણ માર્ગોની સુધારણા ઉપરાંત માર્ગ સુશોભન પાછળ પણ મોટો ખર્ચ થાય છે. ત્યારે સેકટરોના આંતરિક માર્ગો પર નિયત સમયે થર્મોપ્લાસ્ટના પટ્ટા પણ કરવામાં આવતા નથી સેકટરોમાં આંતરિક માર્ગો પરના બમ્પને લાંબા સમયથી પટ્ટા કરાયા નથી જેના લીધે સેકટરવાસીઓ સહીત મુલાકાતીઓ અજાણતા જ અકસ્માતનો ભોગ બને છે.

**લાંબા સમયથી આંતરિક માર્ગોના બમ્પ પર પટ્ટા થયા નથી : સેકટરોના આંતરિક માર્ગો પર વાહનોની અવરજવર વધી છે ત્યારે મુખ્યમાર્ગોની જેમ માર્ગ સલામતીના પરિબળો પણ ધ્યાને લેવા જોઇએ**

શહેરમાં અંદાજિત ૬૧૩ કી મીનુ રોડ નેટવર્ક છે. નગરના માર્ગોની સુધારણા પાછળ કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવે છે. જયારે માર્ગોની સુધારણા ઉપરાંત રોડ ફર્નિચરની કામગીરી માટે પણ વિશેષ બજેટની ફાળવણી કરવામાં આવે છે. વાઈબ્રન્ટ સમિટ વેળાએ માર્ગ સુશોભન પાછળ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે છે. મુખ્ય માર્ગોના રીસરફેસીંગની સાથે કેટઆઈ તેમજ થર્મોપ્લાસ્ટના પટ્ટા સહીત સેન્ટ્રલ વર્જને નિખારવા માટે પણ નવા પ્લાન્ટેશન સહીત ગ્રીલ ફીટ કરવામાં આવે છે. બીજીતરફ માર્ગ સલામતીને સ્પર્શતા પરિબળો તરફ તંત્ર હજુ પુરતુ ધ્યાન આપતુ નથી શહેરના મુખ્યમાર્ગો પર જરૂરી ઠેકાણે બમ્પ બનાવવામાં આવ્યા છે. જયારે સેકટરોના આંતરિક માર્ગો પર પણ બમ્પ બનાવાયા છે. આ ઉપરાંત માર્ગ નિર્માણ વેળાએ સેકટરવાસીઓ દ્વારા હજુ પણ બમ્પ બનાવવા માટે માંગણી કરવામાં આવે છે. નગરના સેકટરોમાં વધતી વસતી સાથે વાહનોની સંખ્યા પણ વધી છે. જયારે સેકટરોના આંતરિક માર્ગો પર વાહનોની અવરજવર વધતા રોડ સેફટી સામે પણ અનેક પ્રશ્નો સર્જાયા છે. આંતરિક માર્ગો પર ઓવર સ્પીડના લીધે અકસ્માત થતા હોવાનુ પણ ધ્યાને આવે છે. આવા સંજોગોમાં તંત્ર દ્વારા માર્ગ સુધારણા દરમિયાન પણ કેટલાક ઠેકાણે નવા બમ્પ પણ બનાવાયા છે. પરંતુ બમ્પ નિર્માણના અંતે પણ ઘણાં ઠેકાણે જોખમી સ્થિતિ યથાવત છે. નગરના મુખ્યમાર્ગો પર બમ્પને થર્મોપ્લાસ્ટના પટ્ટા કરવામાં આવે છે. પરંતુ સેકટરોના આંતરિક વિસ્તારમાં લાંબા સમયના અંતે બમ્પ દેખાતા પણ નથી જેના લીધે રાત્રિના સમયે અંધારામાં બમ્પ જ અકસ્માતનુ કારણ બને છે. શહેરના સેકટરોમાં કેટલાક વિસ્તારમાં બમ્પને થર્મોપ્લાસ્ટના પટ્ટા કરવામાં આવ્યા નથી જેના લીધે સ્થાનિક રહીશો વારંવાર બમ્પથી અજાણ રહેતા અકસ્માતનો ભોગ બને છે. નગરના મુખ્યમાર્ગોની જેમ સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ બમ્પને પટ્ટા કરવા માટે તંત્ર દ્વારા ત્વરિત કામ હાથ ધરાય તેવી રજુઆત સ્થાનિક રહીશોએ કરી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com